GJPT030002202019

## ચાણસ્માના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,

## મું.ચાણસ્મા– પાટણ.

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૧૪૩/૨૦૧૯ |
| આંક | ૩૮ |
| ગુનો | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૮૦, ૪૫૭ મુજબ. |
| ફરીયાદ | શ્રી સરકાર (ચા.પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૪૭ /૨૦૧૮). |
| ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી | શ્રી એ.જે.ગોસ્વામી. |
| આરોપી | સાહીલકુમાર પ્રવિણભાઇ હરગોવનભાઇ પરમાર, રહેવાસી :–– ચાણસ્મા, ઉગમણા દરવાજાની બહાર, ચમાર વાસ, તા. ચાણસ્મા, જી.પાટણ. |
| આરોપી તરફે વિ.વ.શ્રી. | એસ.સી.પટેલ. |

| | |
|---|---|
| ફરીયાદ દાખલ તારીખ | ૧૯/૦૪/૨૦૧૮ |
| ચાર્જશીટ દાખલ કર્યા તારીખ | ૧૦/૦૪/૨૦૧૯ |
| આરોપીના જવાબની તારીખ | ૦૮/૦૮/૨૦૧૯ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૨૪/૦૯/૨૦૧૯ |
| હુકમ માટે રાખ્યા તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |

| | |
|---|---|
| સજા કર્યા તારીખ | નિર્દોષ. |

## આરોપી ની માહિતી

| આરોપી નંબર | આરોપીનું નામ | આરોપી સામે ગુનો | નિર્દોષ ઠરાવ્યા કે તકસીરવાન | સજા | ફો.કા. કલમ– ૪૨૮ પ્રમાણે જેલમાં ગાળેલ સમયગાળો |
|---|---|---|---|---|---|
| ૦૧ | સાહીલકુમાર પ્રવિણભાઇ હરગોવનભાઇ પરમાર, રહેવાસી :–– ચાણસ્મા, ઉગમણા દરવાજાની બહાર, ચમાર વાસ, તા. ચાણસ્મા, જી.પાટણ. | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૮૦, ૪૫૭ મુજબ. | નિર્દોષ | — | — |

## ફરીયાદ પક્ષ/ બચાવપક્ષ/ અદાલતના સાહેદોની યાદી :–

અ. ફરીયાદપક્ષના સાહેદો :–

| ક્રમ નંબર | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૭ | ઠકકર કોકીલાબેન રસીલાલની જુબાની. | ફરીયાદી |
| ૨ | ૨૦ | જગદીશભાઇ શંકરલાલ ઠકકરની જુબાની. | સાહેદ |
| ૩ | ૨૧ | બીપીનકુમાર ચીમનભાઇ પટેલની જુબાની. | પંચ સાહેદ |
| ૪ | ૨૩ | કિર્તીભાઇ મણીલાલ મફતલાલ પટેલની જુબાની. | પંચ સાહેદ |
| ૫ | ૨૫ | પટેલ વિશાલભાઇ કાન્તીભાઇ પટેલની જુબાની. | પંચ સાહેદ. |

| | | | |
|---|---|---|---|
| ૬ | ૩૪ | સરીફખાન રસીદખાન પઠાણની જુબાની. | સાહેદ/ત.ક.અ. |

## ફરીયાદ પક્ષ/ બચાવપક્ષ/ અદાલતના પુરાવાની યાદી :–

અ. ફરીયાદપક્ષના પુરાવા :–

| ક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| ૧ | ૧૮ | ગુનાની ફરીયાદ. |
| ૨ | ૨૨ | પંચનામું. |
| ૩ | ૨૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. |

## :–– ચુકાદો :––

**(૧).** આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ ૧૮/૦૪/૨૦૧૮ ના રોજ કલાક ૨૧/૪૫ થી તારીખ ૧૯/૦૪/૨૦૧૮ ના કલાક ૫/૦૦ દરમ્યાન કોઈ પણ સમયે ફરીયાદીબેનની ચાણસ્મા, ઉગમણા દરવાજા નજીક જય અંબે કીરાણા સ્ટોરના દરવાજાનો લોક તથા નકુચો તોડી અંદર પ્રવેશી દુકાનમાંથી કપાસીયા તેલના ડબ્બા નંગ–૩, કિં.રૂા.૩૬૭૫/– તથા સીંગ તેલના ડબ્બા નંગ–૩, કિં.રૂા.૩૯૦૦/– તથા રોકડ રકમ રૂા.૨૫૦૦/– તથા બીસ્ટલો પેકેટ નંગ–૨૫ તથા ગોલ્ડ ફલેગવીંસ ચોકડી કેવેંડર મળી કુલ રૂા.૧૧૦૦/– મળી કુલ કિં.રૂા.૧૧,૧૭૫/– ની ચોરી કરી લઈ જઈ, ગુનો કર્યા બાબતે તેઓની વિરુધ્ધ કાયદેસર થવા ફરીયાદીએ ફરીયાદ હકીકત ચાણસ્મા પોલીસ સ્ટેશનમાં રજુ કરતા, ફરીયાદ હકીકતે ચાણસ્મા પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી.નં.૪૭/૨૦૧૮ થી આરોપી વિરુધ્ધ ગુનો નોંધાયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ પૂર્ણ થયા બાદ આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સહિતાની કલમ– ૩૮૦, ૪૫૭ મુજબના ગુના અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજૂ કરેલ.

**(૨).** આ કામમાં કોર્ટ દ્વારા સમન્સ ઈસ્યુ કરતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, તેમને ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૨૦૭ મુજબ તમામ કેસ પેપર્સ આપવામાં આવેલ અને આરોપીઓ વિરૂધ્ધમાં કેસ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. આરોપીને આંક–૦૪ થી

તહોમતનામું તથા આંક–૦૫ થી આરોપીની જુબાની નોંધવામાં આવેલ, આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા ફરિયાદપક્ષે પુરાવાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩). ફરીયાદપક્ષે આરોપી સામેનો ગુનો નિ:શંક રીતે પુરવાર કરવા માટે ઉપરોકત મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(૪). ઉપરોક્ત સાહેદો તપાસ્યા બાદ ફરિયાદ પક્ષે પુરાવો પુરો થયાનું જાહેર કરતાં પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ રેકર્ડ આધારિત ફરિયાદ પક્ષનો પુરાવો જોતાં આરોપી સામે ગુનાહિત આક્ષેપો અંગે પ્રાથમિક પુરાવો રેકર્ડ પર આવેલ ના હોઈ આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ફરિયાદ પક્ષે વિ. એ.પી.પી. શ્રીની દલીલો સાંભળી.

વધુમાં આ કામે આરોપી પક્ષ તરફે વિ. વકીલશ્રીનાઓ તેમની મૌખિક દલીલોમાં જણાવે છે કે, આ કામના ફરીયાદી તથા સાહેદ તેમની ઉલટતપાસમાં ફરીયાદને અનુરૂપ જુબાની આપેલ નથી કે એવો કોઇ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. વધુમાં ફરીયાદ પક્ષ તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકતા ન હોય તેઓને બિન તહોમત છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૫). આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે.

**– મુદ્ધા –**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ ૧૮/૦૪/૨૦૧૮ ના રોજ કલાક ૨૧/૪૫ થી તારીખ ૧૯/૦૪/૨૦૧૮ ના કલાક ૫/૦૦ દરમ્યાન કોઇ પણ સમયે ફરીયાદીબેનની ચાણસ્મા, ઉગમણા દરવાજા નજીક જય અંબે કીરાણા સ્ટોરના દરવાજાનો લોક તથા નકુચો તોડી અંદર પ્રવેશી દુકાનમાંથી કપાસીયા તેલના ડબ્બા નંગ–૩, કિં.રૂા.૩૬૭૫/– તથા સીંગ તેલના ડબ્બા નંગ–૩, કિં.રૂા.૩૯૦૦/– તથા રોકડ રકમ રૂા.૨૫૦૦/– તથા બીસ્ટલો પેકેટ નંગ–૨૫ તથા ગોલ્ડ ફલેગવીંસ ચોકડી કેવેંડર મળી કુલ રૂા.૧૧૦૦/– મળી કુલ કિં.રૂા.૧૧,૧૭૫/– ની ચોરી કરી લઈ જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૮૦, ૪૫૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬). ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧). મુદા નં. ૧ :–– નકારમાં.

(૨). મુદ્દા નં. ૨ :—— આખરી હુકમ મુજબ.

## કા ર ણો

**મુદ્દા નં. ૧ અંગે :——**

(૭). ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સિસ્ટમ મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામે મૂકવામાં આવેલ તહોમત બિયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિઃશંક પુરાવો રજૂ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટૂંકમાં આરોપી દોષિત છે તેવો પુરતો અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરિયાદપક્ષે પુરવાર કરવાનુ હોય છે. આરોપીઓ નિર્દોષ છે તેવું આરોપીઓ એ પુરવાર કરવાનું હોતું નથી. એમ કહી શકાય કે, ફોજદારી મુકદ્દમામાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ દ્વારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરિયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને કરવાનું હોય છે. ફરિયાદપક્ષના રજૂ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનુ ફરિયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપીઓ દોષ મુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હક્કદાર થાય છે. "પુરાવાનું મૂલ્યાંકન" શબ્દ ભારતીય પુરાવા અધિનિયમમાં કોઇ પણ સ્થાને વ્યાખ્યાયિત કરવામાં આવેલ નથી. "પુરાવાનું મૂલ્યાંકન" ફકત અને ફકત ભારતીય પુરાવા અધિનીયમ કલમ—૩ માં દર્શાવેલ PROVE અને NOT PROVE શબ્દો ઉપર અવલંબે છે. કોઇ હકીકતનું અસ્તિત્વ સાબિત માનવુ કે બિનઅસ્તિત્વ સાબિત માનવુ તે મૂલ્યાંકનનો વિષય છે. આ પૂર્વભૂમિકા સંદર્ભે ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાનુ મૂલ્યાંકન કરી ફરિયાદપક્ષ આરોપી સામેના તહોમત કે તે પૈકીનું કોઇ પણ તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

(૮). સદર કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો, આરોપી સામેના આક્ષેપ મુજબનો કેસ પુરવાર કરવા માટે આ કામે આંક—૧૭ થી ફરીયાદી ઠકકર કોકીલાબેન રસીકલાલનાઓની સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતા, બનાવ સને—૨૦૧૮ માં રાત્રે બનાવ થયેલો હશે તે વખતે સવારના પાંચેક વાગે જય અંબે કિરણા સ્ટોર નામની દુકાન તેઓએ ખોલેલી અને દિવસ દરમ્યાન વેપાર કરેલ અને રાત્રીના આશરે ૯—૪૫ વાગે તેઓએ તેમની દુકાન બંધ કરી તેઓ તેમના ઘરે ગયેલાઅને બીજા દિવસે

સવારના પાંચેક વાગે તેઓએ તેમની દુકાન ખોલેલી તે વખતે આગળનો લાકડાનો દરવાજો લોક મારેલ હતો તે દરવાજાનું લોક ખોલી અંદર જઈ જોતા દુકાનમાં માલ સામાન વેરાણ છેરાણ પડેલ હતો જેથી તેઓએ દુકાનમાં ઝીણવટ પુર્વક તપાસ કરતા દુકાનમાં છ ડબ્બા પડેલ હતા જેમાંથી ત્રણ ડબ્બા દેખાયેલા નહી જેની કિં.રૂા.૩,૯૦૦/– ગણાય તેમજ ડ્રોઅરના ખાનામાં તપાસ કરતા રૂા.૧,૦૦૦/– તેમજ પરચુરણ રોકડ રકમ રૂા.૧,૫૦૦/– તેમમજ દુકાનનો સર સામાન જેની કિં.રૂા.૧,૧૦૦/– ની ચોરી થયેલાનું જણાયેલુ અને જેથી તેઓએ તેમની દુકાનની અંદર જોતા પાછળના ભાગે ઉગમણી સાઈડે દિવાલમાં લોખંડના સળીયાની જાળી બનાવેલ જે જાળી બહારના ભાગે તોડી અને દુકાનની અંદર લગાવેલ લાકડાની બારી તોડી અંદર પ્રવેશ કરેલો તે બાબતની તેઓએ આંક–૧૮ વાળી ફરીયાદ આપેલી. જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે અને પોલીસે તેમનો વધુ જવાબ લીધેલો. તેઓને ચોરી થયેલ મુદ્દામાલ પરત મળેલ નથી. પોલીસ તેમની દુકાને તપાસમાં આવેલ ત્યારે ચોરી કરનાર સાહીલકુમાર પ્રવિણભાઈ પરમારને લાવેલ અને તેઓને જણાવેલ કે આને ઓળખો છો તો તેઓએ હા પાડેલી તે ઉગમણા દરવાજા, ચાણસ્માનો રહેવાસી છે તેવુ જણાવેલ અને તેને ચોરી કરેલ હોઈ તેવુ પોલીસ રૂબરૂ કબુલ કરેલ છે. આ કામના આરોપી તરફે સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય આરોપીના વિ.વ.શ્રી મારફતે સદરહું ફરીયાદીની ઉલટતપાસ નોંધવામાં આવેલ નથી.

(૯). આ કામે આંક–૨૦ થી સાહેદ જગદીશભાઈ શંકરલાલ ઠક્કર નાઓની સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતા, બનાવ સને–૨૦૧૮ માં બનેલો. બનાવ વખતે તેઓ તેમના રમીલાબેનના ત્યાં ચાણસ્મા મુકામે હાજર હતા તે દરમ્યાન સવારના આશરે સાત વાગ્યાના સુમારે તેઓ તેમના બહેન કોકીલાબેને ફોન કરી તેઓને જાણ કરેલી કે તેમની જય અંબે દુકનમાંથી પાછળના ભાગે ઉગમણી સાઈડે દિવાલમાં લોખંડના સળીયાની જાળી લગાવેલ હોઈ જે જાળી બહારના ભાગેથી તોડી દુકાનમાં પ્રવેશ કરી કપાસીયા તેલના ડબ્બા નંગ–૩, જેની કિં.રૂા.૩૬૭૫/– તેમન સીંગ તેલના ડબ્બા નંગ–૩, કિં.રૂા.૩૯૦૦/– તેમજ ડ્રોઅરના ખાનામાંથી રોકડ તેમજ પરચુરણ રૂા.૨૫૦૦/– તેમજ બિસ્ટોલના પેકેટ આશરે કિં.રૂા.૧૧૦૦/– ચોરી કોઈ ઈસમ કરી લઈ ગયેલ હોઈ તેવુ જણાવતા તેઓ તાત્કાલીક તેમના બહેન રમીલાબેનના ઘરેથી

કોકીલાબેનના ઘરે આવેલા ત્યાર બાદ આજુબાજુ તપાસ કરતા કોઇ મળી આવેલ ન હોઇ તેઓ તથા તેમના બહેન ચાણસ્મા પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા આવેલા અને આ બાબતની ફરીયાદ તથા પોલીસે તેમનો જવાબ લીધેલો. આ કામના આરોપી તરફે સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય આરોપીના વિ.વ.શ્રી મારફતે સદરહું સાહેદની ઉલટતપાસ નોંધવામાં આવેલ નથી.

**(૧૦).** આ કામે આંક–૨૧ થી પંચ સાહેદ બીપીનકુમાર ચીમનભાઇ પટેલ નાઓને તથા આ કામને આંક–૨૩ પંચ સાહેદ ક્રિર્તીભાઇ મણીલાલ મફતલાલ પટેલ નાઓને સોગંદ ઉપર તપાસ થયેલા છે. સદર પંચ સાહેદોની જુબાની દરમિયાન આંક–૨૨ થી પંચનામું રજૂ કરેલ છે. સદરહું પંચ સાહેદો પોતાના પંચનામાની હકીકતને સમર્થન નહીં કરતા ફરિયાદ પક્ષે પંચ સાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે. ત્યારબાદ પણ સદર પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી જેથી ફરિયાદ પક્ષ ઉપરોક્ત જણાવેલ પંચનામું સાબિત કરી શકેલા નથી.

**(૧૧).** આ કામે આંક–૨૫ થી પંચ સાહેદ પટેલ વિશાલભાઇ કાન્તીભાઇ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ કે, આશરે સને–૨૦૧૮ ના વર્ષમાં પોલીસે તેઓને પંચનામું કરવા માટે ચાણસ્મા ઉગમણા દરવાજા પાસે બોલાવેલા. તેમની સાથે બીજા પંચ તરીકે ફરીયાદીના કાકા અમૃતભાઇ જોઇતાભાઇ પટેલ, રહે.પાટણ વાળા હતા. તે વખતે એક ફરીયાદી બહેન કોકીલાબેન હાજર હોય જેઓ આગળ ચાલી ગુનાવાળી જગ્યા બતાવતા હોય આ કામના ફરીયાદીની જય અંબે કિરણા સ્ટોર દુકાન ઉગમણા, દરવાજા, ચાણસ્મા ખાતે આવેલ છે. સદર દુકાનમાંથી તેલનો ડબ્બો તથા બીજી પરચુરણ વસ્તુઓ લઇ ગયેલા તેઓને દિશાઓની ખબર પડે છે. ઉત્તર દિશામાં રોડ આવેલ છે અને દક્ષીણમાં મકાન આવેલ છે અને પુર્વમાં દરવાજો અને પિશ્ચમમાં દુકાન આવેલ છે. જે અંગેનું ગુનાવાળી જગ્યાનું પંચનામું તેઓએ લખાવ્યા મુજબનું પોલીસે લખેલુ અને તેઓએ તેમાં વાંચી સમજીને સહી કરેલ. જે આ કામે આંક–૨૬ થી રજુ કરેલ છે. આ કામના આરોપી તરફે સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય આરોપીના વિ.વ.શ્રી મારફતે સદરહું પંચ સાહેદની ઉલટતપાસ નોંધવામાં આવેલ નથી.

**(૧૨).** ત્યારબાદ આ કામે આંક–૩૪ થી સાહેદ/ત.ક.અ. સરીફખાન રસીદખાન પઠાણ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ કે, ગઇ તારીખ ૦૩/૧૧/૨૦૧૮ ના રોજ તેઓ ચાણસ્મા પોલીસ સ્ટેશનમાં તેમની ફરજ બજાવતા હતા તે દરમ્યાન ચાણસ્મા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. નાઓએ સદર ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ પી.એસ.આઇ. આર.વી.પટેલ નાઓ સંભાળતા હતા ત્યાર બદ આગળની તપાસ તેઓને મળતા તેઓએ કાગળનો અભ્યાસ કરેલો અને ત્યાર બાદ સદર ગુનાના આરોપી મળી આવતા તેઓને અટક કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલા અને ત્યાર બાદ આરોપી ચોરીના મુદ્દામાલ બાબતે કંઇ બતાવવા માંગતા હોય કલમ–૨૭ મુજબનું આંક–૨૨ વાળું પંચનામું કરેલ જે પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલુ જેમાં પંચોની તથા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે અને ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરવા પડતો હોય નામદાર કોર્ટમાં ચાજશીટ કરેલુ. આરોપીને તેઓ નામદાર કોર્ટમાં ઓળખી બતાવે છે. ત્યાર બાદ આ કામના સાહેદની આરોપીના વિદ્વાન વકીલ શ્રી કરેલ ઉલટ તપાસમાં ફરીયાદીની ફરીયાદને મદદરૂપ થાય તેવી કોઇ જ હકીકત જણાવેલ નથી.

**<u>પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

**(૧૩).** આમ આ કામે ઉપરોકત વિગતે રજુ થયેલ ફરીયાદ પક્ષનો પુરાવો જોતાં સૌ પ્રથમ તો ફરીયાદ પક્ષે એવો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે ફરીયાદીની જય અંબે કિરાણા સ્ટોરના દરવાજાનો લોક તથા નકુચો તોડી અંદર પ્રવેશી દુકાનમાંથી ચોરી આ કામના આરોપીએ જ ચોરી કરેલ હોય તે બાબતે ફરીયાદીએ પોતાના પુરાવામાં કોઈ સચોટ આધાર પુરાવા કે તે સબંધે કોઈ નજરે જોનાર સાહેદનો પુરાવો રજુ કરેલ નથી. વધુમાં આ કામે ફરીયાદીની આંક–૧૭ ની ફરીયાદ જોવામાં આવે તો તેઓએ ફરીયાદીની ફરીયાદને અનુરૂપ જુબાની આપી હાલના આરોપીને ઓળખી બતાવી હાલના આરોપીને પોલીસ પકડીને આવેલ અને આરોપીએ ગુનો કબુલ કરેલ હોવાનું જણાવે છે પરંતુ આ કામના ફરીયાદી પોતાની પોલીસ રૂબરૂ ફરીયાદમાં કોઇ ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોય એટલે કે હાલના આરોપીએ જ ચોરી કરેલ હોય તેવી કોઇ જ વિગત ફરીયાદીએ તેમની પોલીસ રૂબરૂ ફરીયાદમાં લખાવેલ નથી. વધુમાં હાલના ફરીયાદીની સરતપાસ જોતા ચોરી થયેલ મુદ્દામાલ તેઓને પરત મળેલ નહી હોવાનું જણાવેલ છે. જયારે હાલના આરોપીને પોલીસે પકડેલ હોય તો મુદ્દામાલ આરોપી પાસેથી કબજે કરેલ છે કે કેમ તે બાબતે કોઇ સ્પષ્ટ

હકીકત ફરીયાદી તેમની જુબાનીમાં કે આ કામના ત.ક.અમલદાર નાઓની જુબાનીમાંથી પુરવાર થતુ નથી. વધુમાં આ કામે ફરીયાદીની સરતપાસ તથા ફરીયાદ જોતા હાલની ચોરી આ કામના આરોપીએ જ કરેલ તેવો કોઇ નકકર પુરાવો રજુ રાખેલ નથી જેથી હાલની ચોરી આ કામના આરોપી એ કરેલ છે તેવુ સ્પષ્ટ માની શકાય નહી. વધુમાં આ કામે આંક–૨૦ થી તપાસેલ સાહેદની જુબાની જોતા સદર બનાવની હકીકત તેઓએ ફોન દ્વારા જાણેલી હોવાનું જણાવેલ છે એટલે કે હાલના આરોપીને ચોરી કરતા જોયેલ નહી હોવાનું સાહેદના પુરાવા ઉપરથી પુરવાર થાય છે. વધુમાં આ કામે આંક–૨૧ તથા આંક–૨૩ થી તપાસેલ બંને પંચો સાહેદો ફરીયાદીની ફરીયાદ હકીકતથી વિમુખ જુબાની આપતા હોય હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને સદરહું પંચ સાહેદના પુરાવા ઉપરથી પણ ફરીયાદને સમર્થન મળતુ નથી. વધુમાં આ કામે આંક–૨૫ થી તપાસેલ પંચ સાહેદ આંક–૨૬ વાળા પંચનામાને સમર્થનકારી જુબાની આપેલ છે પરંતુ સદર પંચ સાહેદની જુબાની પરથી હાલની ચોરી આ કામના આરોપીએ જ કરેલ છે તેવો કોઇ સચોટ પુરાવો આ પંચ સાહેદએ જણાવેલ નથી કે સદર પંચનામામાં પણ હાલના આરોપીને જોયેલ હોય કે અન્ય કોઇ ફરીયાદને સમર્થન મળે તેવી કોઇ જ હકીકત જણાવેલ નથી. જેથી પણ સદર પંચ સાહેદનો પુરાવો માનવા લાયક જણાઇ આવતો નથી. વધુમાં આ કામે આંક–૩૪ થી તપાસેલ તપાસ કરનાર અમલદારની જુબાની જોતા તેઓએ પોતાની ફરજના ભાગરૂપે કામગીરી કરેલ હોવાનું જણાઇ આવે છે. આમ, ફરીયાદી તેમની ફરીયાદમાં તથા સરતપાસમાં અલગ અલગ હકીકતો જણાવતા હોઇ ત્યારે ખરેખર હાલના આરોપી એ ચોરી કરેલ છે કે કેમ તે બાબતે શંકા ઉત્પન્ન થાય છે. આમ ફરીયાદ પક્ષે ઉપરોકત જે સાહેદો તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાથી ફરીયાદ હકીકતને કે ફરીયાદ પક્ષના કેસને કોઈ સમર્થન મળતું ન હોઈ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. જો કે ચોરી સબંધેના ગુનામાં મોટા ભાગે નજરે જોનાર સાહેદ હોતા નથી, ચોરીનો ગુનો સંયોગિક પુરાવા ઉપર આધારીત ગુનો હોય છે. અને આ કામે ઉપરોક્ત તમામ પુરાવો જોતાં એવા કોઈ સંજોગો જણાઈ આવતા નથી કે જેથી કરીને આરોપીને ગુના સાથે સાંકળી શકાય. વધુમાં આ કામે જે પંચ સાહેદનો પુરાવો જોતા આરોપીએ ગુનાવાળી જગ્યા બતાવેલ હોય અને ત્યાંથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય અને તે આરોપી પાસેથી મુદામાલ રીકવરી કરવામાં આવેલ હોય તેવી હકીકત પંચ સાહેદના પુરાવાથી પુરવાર માની શકાય તેમ નથી. જેથી ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી પણ ફરીયાદ પક્ષના કેસને કોઈ સમર્થન મળતું નથી. આમ ફરીયાદ પક્ષના

ઉપરોકત તમામ પુરાવાથી હાલના આરોપીને ગુના સાથે સાંકળતો કોઈ પુરાવો જણાઈ આવતો નથી.

**(૧૪).** આ સિવાય રેકર્ડ જોતાં, આ કામે આંક–૨૨ થી પંચનામું તથા આંક–૨૬ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ કરેલ છે. પરન્તુ બનાવમાં આરોપીને સાંકળવા માટેના મૌખિક પુરાવાના અભાવે, આ દસ્તાવેજી–પુરાવો પણ બહુ મહત્વના રહેતા નથી અને આ દસ્તાવેજો માત્ર કોરોબરેટીવ પીસ ઓફ એવીડન્સ હોય જેથી જ્યાં સુધી બનાવ વખતે હાજર સાહેદના પુરાવા આરોપીને ગુના સાથે સાંકળવા માટે રેકર્ડ ઉપર આવે નહીં ત્યાં સુધી આ દસ્તાવેજોના આધારે ગુનો પુરવાર થયેલ હોવાનું માની શકાય નહીં કે આરોપીને ગુના સાથે સાંકળવા માટે આ દસ્તાવેજો પુરતા નથી. ખાસ કરીને કે જ્યારે આ કામના ફરીયાદી અને સાહેદે પોતે આરોપીને આક્ષેપિત ગુના સાથે સાંકળવા માટે ફરીયાદ પક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આમ ઉપરોક્ત પુરાવો પણ આરોપીને હાલના ગુન્હા સાથે સાંકળવા પુરતો જણાઈ આવતું નથી.

**(૧૫).** ઉપરોક્ત સમગ્ર વિગતે હાલના આરોપીએ ચોરી કરેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાથી પુરવાર થતી નથી અને તે સંજોગોમાં સદર કામે આક્ષેપાયેલ ગુન્હાના આવશ્યક તત્વો પુરવાર થતા ન હોય હાલના આરોપીને સદરહું ગુના અંગે દોષિત ઠરાવી શકાય નહી. તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ– ૩૮૦, ૪૫૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માની, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી. આ કેસનાં આખરી નિર્ણય માટે, ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નું. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:આ ખ રી હુકમ:–</u>**

- ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૨૪૮(૧) મુજબ આ કામના આરોપી નામે **સાહીલકુમાર પ્રવિણભાઈ હરગોવનભાઈ પરમાર, રહેવાસી :–– ચાણસ્મા, ઉગમણા દરવાજાની બહાર, ચમાર વાસ, તા. ચાણસ્મા, જી.પાટણ** વાળા

નાઓને તેઓની વિરૂધ્ધના ઈ.પી.કો.કલમ –૩૮૦, ૪૫૭ મુજબના ગુનાના કામે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

- આ કામના આરોપીએ ફોજદારી કાર્યરીતીની સંહીતા ૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધી રૂા.૫,૦૦૦/ – (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૦૧ લી,** માહે–**જુલાઇ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૧/૦૭/૨૦૨૬ **(આર.એમ. ચાવડા)**

ચાણસ્મા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ

ચાણસ્મા

**(જીજે–૦૧૫૨૪)**

L.K.PARMAR, STENO